નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન હેઠળના તાલુકાઓનું
પુન:ગઠન કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઇડીબી/૧૦૨૦૧૬/મિશન મંગલમ/૩૩૦૦૭૩/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯ જુલાઇ ૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે ગુજરાત રાજ્યમાં મહિલાઓના સશક્તિકરણ અને ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવીને માનવ સૂચકઆંક(H.D.I.) માં સુધારો લાવવા માટેના હેતુથી મિશન મંગલમની રચનાના ઉદ્દેશો અને વ્યૂહ રચના બાબતના ગુજરાત સરકાર, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક :આઇડીબી/ ૧૦૨૦૧૦/મિશન મંગલમ/૪૦૪/એસએફએસ-૨૧૯૪/ખ-૧/ સચિવાલય, ગાંધીનગર. તા.૩૧/૦૩/૨૦૧૦.

(૨) મહિલા સ્વસહાય જૂથોને ધીરાણ સવલતો ઉપર ૫% વ્યાજ સહાય યોજનાનું અમલીકરણ કરવા બાબતનો પરિપત્ર નં. / જીએલપીસી/ એમએફ/૨૦૨૦/૨૦૧૨, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર, તા.૧૭/૦૯/૨૦૧૨

(૩) નેશનલ રૂરલ લાઇવલીહુડ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાઓને ઇન્ટેન્સિવ તાલુકાઓમાં ગ્રાંટ ફાળવવા બાબત. ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ, ગાંધીનગરના સને ૨૦૧૩-૧૪ આદેશ નં. જીએલપીસી /એન.આર.એલ.એમ./ગ્રા.ફા./૧૫૬૪૭-૬૬૨/૨૦૧૩ તા.૦૫/૦૯/૨૦૧૩

**પ્રસ્તાવના:-**

ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે ગુજરાત રાજ્યમાં મહિલાઓના સશક્તિકરણ અને ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવીને માનવ સૂચકઆંકમાં સુધારો લાવવા આજીવિકાલક્ષી કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે અલાયદા મિશનની રચના કરી સંકલિત કાર્યપધ્ધતિ અમલમાં મૂકવાના ભાગરૂપે મિશન મંગલમ યોજના અમલમાં મૂકી તેની અમલીકરણ એજન્સી તરીકે કંપની એક્ટ,૧૯૫૬ નીચે ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપનીની રચના કરી હતી.

આ મિશનનો આશય આજીવિકાલક્ષી ક્ષેત્ર સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓને સાંકળી સરકાર,બેંકો,નાણાંકીય સંસ્થાઓ,આજીવિકાલક્ષી સંસ્થાઓ, સૂક્ષ્મ ધીરાણ સંસ્થાઓ, સહકારી દૂધ ઉત્પાદક સંસ્થાઓ, ઔદ્યોગિક સાહસો તમામ સાથે સંકલન કરી રાજ્ય સ્તરે સરકાર અને જનસમુદાયની સહભાગિતાના માધ્યમથી ગરીબી દૂર કરવા અસરકારક ભૂમિકા ભજવવાનો હતો.

મિશન મંગલમ યોજનાની શરૂઆતના પ્રથમ તબક્કામાં રાજ્યના ૧૦૦ તાલુકાઓમાં મિશન મંગલમની ઘનિષ્ઠ હાજરી રાખવા નક્કી કરવામાં આવેલ હતું જ્યારે બાકીના ૧૨૪ તાલુકાઓને પછીના વર્ષમાં આવરી લેવા નક્કી કરવામાં આવ્યું હતું.. આમ સમગ્ર રાજયને મિશન મંગલમ સઘન (intensive) તાલુકાઓ અને બિનસઘન તાલુકાઓ (non-intensive)માં વહેંચવામાં આવેલ હતા.

સઘન તાલુકાઓમાં ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપનીનો સ્ટાફ-કલસ્ટર કો-ઓર્ડીનેટર્સ ને ૮ થી ૧૦ ગામોને સેવાઓ આપવા મૂકવામાં આવ્યો હતો. જ્યારે બિન-સઘન તાલુકાઓમાં આ સ્ટાફ તાલુકા સ્તર પૂરતો મર્યાદિત હતો. સઘન તાલુકાઓમાં અંદાજે ૧૦૦ સ્વસહાય જુથોને કલસ્ટરકો-ઓર્ડીનેટરની સેવાઓ પ્રાપ્ત થતી હતી. પરંતુ વ્યાજ સહાય,રીવોલ્વિંગ ફંડ,બેંક ધીરાણ, સ્વસહાય જુથોના દ્રઢીકરણ માટેની સેવાઓ પૂરી પાડવા બાબતે સઘન અને બિનસઘન તાલુકાઓ વચ્ચે કોઇ ભેદ ન હતો. પરંતુ બિનસઘન તાલુકાઓમાં નવા સ્વસહાય જુથોની રચના કરવા માટેના કોઇ લક્ષ્યાંકો ફાળવવામાં આવ્યા ન હતા જ્યારે ઘનિષ્ઠ તાલુકાઓમાં સંતૃપ્તતા (saturation)નો અભિગમ રાખવામાં આવ્યો હતો.

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની દ્વારા મિશન મંગલમનો બીજો તબક્કો (phase - II) આરંભ કરી શકાયો ન હતો. આ દરમ્યાન ભારત સરકારે એપ્રિલ,૨૦૧૩થી નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશનનો પ્રારંભ કરી તેમાં સ્વર્ણિમ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો સમાવેશ કરી લેવામાં આવેલ હતો.

વર્ષ ૨૦૧૬માં નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશનને દીન દયાળ અંત્યોદય યોજનાનું નવું નામ આપવામાં આવ્યું અને તેના ભાગરૂપે નેશનલ રૂરલ લાઇવલીહુડ પ્રોજેક્ટ અને નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશનનો આરંભ કરવામાં આવ્યો.

## નેશનલ રૂરલ લાઇવલીહુડ પ્રોજેક્ટ(NRLP):

એનઆરએલપી વિશ્વ બેંક સહાયિત યોજના છે જેનો અભિગમ નક્કી કરવામાં આવેલ તાલુકઓમાં સ્વસહાય જુથોને તમામ પ્રકારનું સમર્થન પૂરું પાડી સંતૃપ્તીકરણનો (saturation) અભિગમ રહેલ છે. આ

અભિગમના ભાગરૂપે દરેક ગામના તમામ ગરીબ કુટુંબોની મહિલાઓને સ્વસહાય જુથોમાં સંગઠિત કરવામાં આવે છે. દરેક કુટુંબનો સભ્ય પોતાના કુટુંબનું પ્રતિનિધિત્વ કરે છે.

આ સ્વસહાયજૂથનું પંચસુત્રના પાલન અનેધીરણ પ્રાપ્તિ બાબતે સઘન મોનીટરિંગ કરવામાં આવે છે અને તેમના સશક્તિકરણ માટે ગામડાનાં આઠ થી દસ સ્વસહાય જૂથોના ગ્રામ સંગઠનોની રચના કરવામાં આવે છે અને ત્યારબાદ તેમને રૂપિયા પચ્ચાસ હજાર સુધીનું કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ પૂરૂ પાડવામાં આવે છે જેથી તેઓ સ્વસહાય જુથોને પરસ્પર મદદ કરી શકે અને કટોકટીના સંજોગોમાં તેમને પરસ્પર સહાય મળી રહે.

આ યોજનામાં ભારત સરકારના ભંડોળનો ફાળો ૬૦% અને ગુજરાત સરકારનો ફાળો ૪૦% છે. આ ભંડોળ ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા રજૂ કરવામાં આવેલ વાર્ષિક એક્શન પ્લાનની ભારત સરકાર દ્વારા અપાતી બહાલીના આધારે મંજૂર કરવામાં આવે છે. આ યોજનાનું ૯ જિલ્લાઓમાં વિસ્તરેલા ૨૦ તાલુકાઓમાં(પછીથી આ સંખ્યાવર્ષ૨૦૧૬-૧૭ માં ૨૯ તાલુકાઓની થઈગઇ છે)અમલીકરણ કરવામાં આવે છે. આ તાલુકાઓ ગુજરાતમાં સ્વસહાય જુથોની પ્રવૃત્તિઓના વિસ્તરણ માટે કામ કરશે.

<u>નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (NRLM):</u>

આ મિશન માટેનો ભંડોળ રાજ્યની ગ્રામ્ય ગરીબીના પ્રમાણના આધારે આપવામાં આવે છે અને તે નક્કી કરાયેલ તાલુકાને બદલે સમગ્ર રાજ્ય માટે હોય છે.

ઉપર્યુક્ત બંને અભિગમો અપનાવવા છતાં ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની દ્વારા મિશન મંગલમ સઘન અને મિશન મંગલમ બિનસઘન માટેની તાલુકા કક્ષાની વિદ્યમાન વ્યવસ્થામાં કોઇ ફેરફાર થયેલ ન હતો. આના પરિણામે ઘણાં બધા ભેદસર્જાતા જેનું વિશેષ કોઇ મહત્વ ન હતું.

એનઆરએલએમ ૨૨(બાવીસ) જિલ્લાઓના ૨૪ તાલુકાઓમાં, એનઆરએલપી ૯ જિલ્લાઓના ૨૪ તાલુકાઓમાં અને મિશન મંગલમ સઘન ૬૫ તાલુકાઓમાં અને બિન સઘન (non-intensive)૧૦૫ તાલુકઓમાં(હવે જેની સંખ્યા ૧૨૪ તાલુકાની થઈ છે) આમ કૂલ ૧૨૩ તાલુકાઓ જુદી જુદી કક્ષા હેઠળ ઘનિષ્ઠ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે અને બાકીના ૧૨૪ તાલુકાઓ બિનઘનિષ્ઠ રહે છે. પરંતુ ગરીબી તમામ તાલુકાઓમાં પ્રવર્તે છે અને દરેક તાલુકામાં ગરીબ ગામડા અને દરેક ગામડામાં ગરીબ કુટુંબો હોય છે. આ બાબત લક્ષમાં લઈ સમગ્ર રાજ્યમાં તમામ ગરીબો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી ગરીબ સ્વસહાય જુથોને આવરી લેવાની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

રાજ્ય સરકાર પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવે છે :

૧. મિશન મંગલમ (સઘન)અને મિશન મંગલમ (બિનસઘન) ભેદ દૂર કરી તમામ તાલુકાઓમાં સઘન અમલીકરણ કરવામાં આવશે.

૨. નેશનલ રૂરલ લાઇવલીહુડ પ્રોજેક્ટના પ્રાપ્ત તાલુકાઓની કામગીરી પૂર્વવત્ ચાલુ રહેશે.

૩. ગ્રામીણ ગરીબ મહિલાઓના સ્વસહાય જુથો હવે સમગ્ર રાજ્યમાં એનઆરએલએમ હેઠળ આવરી લેવાના રહેશે.

૪. જ્યાં એનઆરએલએમનું ભંડોળ પૂરતું ન હોય ત્યાં મિશન મંગલમના ઉપલબ્ધ ભંડોળનો સ્વસહાય જુથોની સ્વીકાર્ય પ્રવૃતિઓ માટે ઉપયોગ કરી શકાશે.

૫. મિશન મંગલમના હયાત સ્વસહાય જૂથોને આપવામાં આવતા લાભો (સહાય) જેવા કે વ્યાજ સહાય.

રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ, સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ વગેરે તમામ તાલુકાઓમાં અગાઉની

જેમ જ મળવાપાત્ર થશે.

૬. ગ્રામીણ મહિલાઓના તમામ સ્વસહાય જુથો ગરીબી ઘટાડવાના પગલાં અને સ્વસહાય જુથો સંબંધિત કામગીરી જેમકે સ્વસહાય જુથો અને ગ્રામ્ય સંગઠનોના સુદ્રઢીકરણ,કૌશલ્યવર્ધન,આજીવિકા, કન્વર્જન્સ અને બેંક ધીરાણ મેળવવાપાત્ર રહેશે. તેના માટે NRLP અથવા NRLM અથવા મિશન મંગલમના ભંડોળનો ઉપયોગ કરી શકાશે.

૭. હવે પછી ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા ફક્ત ગ્રામીણ ગરીબ મહિલાઓના સ્વસહાય જુથોને સપોર્ટ કરવામાં આવશે. ગરીબીરેખા ઉપરની મહિલાઓના સ્વસહાય જૂથોને વ્યાજ સહાય, સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ,બેંક ધીરાણ સુવિધા અને આજીવિકાની હયાત સહાય આપવાનું ચાલુ રહેશે. પરંતુ તેઓ રીવોલ્વિંગ ફંડ અને સીઆઇએફ (કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) મેળવવા માટે પાત્ર રહેશે નહીં.

૮. મિશન મંગલમની નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ની અંદાજપત્રીય જોગવાઇઓ એનઆરએલએમની ચાલુ વર્ષની અંદાજપત્રીય જોગવાઇઓની સામે, જ્યાં જરૂર રહેશે ત્યાં, રાજ્યના ૪૦%ફાળા તરીકે

આપવાની રહેશે અને વર્ષ ૨૦૧૭-૧૮થી મિશન મંગલમ યોજનાનો એનઆરએલએમમાં સમાવેશ કરી લેવાનો રહેશે.

૯. આ હુકમો રાજ્ય સરકારની તા.૧૮/૦૭/૨૦૧૬ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.આ તમામ મુદાઓનુ અમલીકરણ ઠરાવથયાની તારીખથી કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ.યુ.પઠાણ)
ઉપસચિવ (ગ્રામ વિકાસ)

નકલ રવાના:-

- માન.રાજ્યપાલશ્રીનાઅગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.(પત્રદ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીનાઅગ્ર મુખ્યસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષામંત્રીશ્રી(પંચાયત)નાઅંગતસચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ(તમામ)નાઅંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીનાનાયબસચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
- સચિવાલયનાસર્વેવિભાગો,ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(પંચાયત),સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(બજેટ)પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી,ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીમીટેડ, ઉદ્યોગ ભવન,ગાંધીનગર
- મહાલેખાકારશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય,ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી-વ-અગ્રસચિવશ્રી,ગ્રામ વિકાસની કચેરી,બ્લોકનં.૧૬/૩,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી,વિકાસ કમિશ્નરશ્રીની કચેરી બ્લોકનં.૧૬/૨,ડૉ.જીવરાજમહેતાભવન,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી,ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીમીટેડ, ઉદ્યોગ ભવન,ગાંધીનગર
- કલેકટરશ્રી(તમામ)(કમિશનર, ગ્રામવિકાસનીકચેરીમારફતે)
- જિલ્લાપ્રોગ્રામકો-ઓર્ડિનેટર-વ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી ,તમામ.(કમિશનરશ્રી,ગ્રામ વિકાસની કચેરી મારફત)
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તમામ.(કમિશ્નર,ગ્રામ વિકાસની કચેરી મારફત)
- બજેટ શાખા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.